## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, મે ગણી જોયા... આપણાં તેર ઓછા થયા છે... આપમે ચિંતા કરવાની જરૂર નથી એ લોકોને તેરનાં અપશુકન નડશે...

# કલોલના વાગોસણામાં નવને ફૂડ પોઈઝનીંગની અસર

ગાંધીનગર, તા. ૧૨

કલોલ તાલુકાના વાગોસણા ગામે ફૂડ પોઈઝનીંગની ઘટના બની હોવાનું તંત્રના ધ્યાને આવતાં આરોગ્યની ટીમો વાગોસણા દોડી ગઈ હતી. મળતી વિગતો પ્રમાણે દહેગામથી નીકળેલા એક પદયાત્રીકોના સંઘના યાત્રિકોના ભોજન બાદ વધેલા ભોજનનો વાસી ખોરાક તરીકે ઉપયોગ કરતાં એક જ પરિવારના ૯ જેટલા સભ્યોને ઝાડા થઈ જવા પામ્યા હતા.

એવુ પણ જાણવા મળેલ છે કે આ પદયાત્રીઓના ભોજનદાતા ઈન્દ્રપુરાના હતા અને ઈન્દ્રપુરાના પણ ત્રણ થી ચાર લોકોને ફૂડ પોઈઝનીંગથી અસર થઈ હોવાનું જાણવા મળેલ છે.

આ અંગે તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. કોઈ જ નવા કેસ નથી એટલુ જ નહિ જે દર્દીઓ મળી આવ્યા છે તેમની તબિયત પણ સુધારા પર છે.

# સ્વાતંત્ર્ય પર્વે ઓમકારસિંહ જાહેર જનતાને ચોખ્ખા ઘીની જલેબી ખવડાવી મ્હોં મીઠુ કરાવશે

### રાષ્ટ્રભક્તિના ગીતો સાથે ઓરકેસ્ટ્રા પાર્ટીનું આયોજન : રક્તદાન શિબિર પણ યોજાશે : છેલ્લા ૨૫ વર્ષથી ગાંધીનગરના દેશભક્ત દ્વારા અનોખી ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સેક્ટર-૨૧ ખાતે દર વર્ષે તા. ૧૫મી ઓગષ્ટે સ્વતંત્રતાદિન નિમિત્તે ઓમકાર પાન પાર્લરના માલિક ઓમકારસિંહ ઠાકુર દ્વારા જાહેર જનતાને ચોખ્ખા ઘી ની જલેબી ખવડાવી ઉજવણી કરવામાં આવે છે. આ સાથે તેમના દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ સાથે ઓરકેસ્ટ્રા પાર્ટી દ્વારા દેશભક્તિના ગીતોનું રસપાન પણ કરાવાય છે. તેમજ આ સ્થળે રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તેમના દ્વારા સવારે ૬.૩૦ કલાકે સે. ૨૧માં રાજશ્રી સિનેમાની બાજુમાં આ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આપણા રાષ્ટ્રીય તહેવારો મોટે ભાગે સરકારી અને શૈક્ષણિક ઉજવણી પૂરતા જ મર્યાદિત રહેતા જોવા મળે છે. જો કે ગાંધીનગરના ઓમકારસિંહ ઠાકુર દ્વારા દર વર્ષે કરાતી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નગરજનોમાં ખૂબ પ્રખ્યાત છે. છેલ્લા અનેક વર્ષોથી તેઓ આ ઉજવણીનું આયોજન કરે છે. આ વર્ષે પણ સેક્ટર-૨૧માં ઓમકાર પાન પાર્લર ખાતે સવારે ૮.૩૦ કલાકે ધ્વજવંદન ઉપરાંત ઓરકેસ્ટ્રા પાર્ટી દ્વારા દેશભક્તિના ગીતોનું રસપાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે અહીં રક્તદાન શિબિર પણ યોજાશે. આ પ્રસંગે તેમના દ્વારા ઉપસ્થિત તમામ જનતાને ચોખ્ખા ઘીની જલેબી ખવડાવી સ્વતંત્રતા દિને મ્હોં મીઠુ કરાવાશે.



### મુસ્લીમ અગ્રણીઓ મોમેન્ટો આપી સન્માન કરશે

છેલ્લા ૨૫ વર્ષથી ગાંધીનગરમાં સ્વખર્ચે સ્વતંત્રતા દિનની ભવ્ય ઉજવણી કરતા ઓમકારસિંહ ઠાકુરનુ મુસ્લીમ અગ્રણીઓ દ્વારા મોમેન્ટો આપી સન્માન કરવામાં આવશે. આ અગ્રણીઓમાં એન.કે. સ્કૂલના ડિરેક્ટર આઝાદભાઈ મનસુરી, લાડબેન ઈનાયત અલી સૈયદ, યુસુફભાઈ મનસુરી, ભુરાભાઈ મનસુરી સહિત અન્ય મુસ્લીમ બિરાદરો જોડાશે. આ ઉપરાંત સીતારામ પટેલ, રાધેશ્યામભાઈ, જીતેન્દ્રસિંહ વાઘેલા વગેરે પણ ઉપસ્થિત રહેશે.





### આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં ઉત્સવોની ધૂમ

ગાંધીનગરના સે-૨૩માં આર.એન. પટેલ પ્રાથમિક શાળામાં ભારતીય ઉત્સવોની ઉજવણીના આયોજન થકી બાળકોને સાંસ્કૃતિક વારસા સાથે અવગત કરવા પ્રયાસ કરાય છે. શાળામાં તાજેતરમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. આ ઉપરાંત શાળામાં જન્માષ્ટમીની ઉજવણી પણ દર વર્ષે કરવામાં આવે છે. આ વર્ષે જન્માષ્ટમીની ઉજવણીમાં વિદ્યાર્થીઓએ મનમોહક નૃત્યો સાથેનો રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કર્યો હતો. જન્માષ્ટમીની ઉજવણી પરંપરાગત રીતે દહી હાંડી-મટકી ફોડ કાર્યક્રમથી કરવામાં આવી હતી.

# ચોરીની રીક્ષા સાથે એક કિશોર પોલીસના હાથે ઝડપાયો

### સે-૧૩ પાસેથી ચોરીના એકટીવા સાથે યુવાનની ધરપકડ

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેક્ટર-૧૩ નજીકથી ચોરીના એકટીવા સાથે એક યુવાન શખ્સને અને ચોરાયેલી રીક્ષા સાથે એક સગીર વયના કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને સેકટર-૭ પોલિસ દ્વારા પકડી પાડવામાં આવ્યા છે. સે-૭ પોલિસે બંને આરોપીઓ પકડી ચોરીના વાહનો રીકવર કરી વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-૭ પી.આઈ. પી.બી. ચૌહાણ તથા તેમની ટીમે એક જ દિવસમાં બબ્બે વાહનચોરોને ચોરીના વાહનો સાથે પકડી પાડયા છે. પીએસઆઈ વી.આર. પ્રજાપતિ તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન સે-૧૩ નજીક ખ રોડ પર ચોકકસ બાતમીને આધારે વૉચ ગોઠવીને જીજે ૦૧ એમ.વી. ૪૭૪૭ નંબરના એકટીવા સાથે જગદીપ રવિન્દ્ર અભંગને પકડી પાડયો હતો. તપાસ કરતા સે-૭ પોલિસ સ્ટેશન વિસ્તારમાંથી જ આ એકટીવા ચોરી થયું હોવાનું ખુલતા ચોરીનો મુદ્દામાલ રીકવર કરી જગદીપની પુછપરછ શરુ કરી છે. તો બીજી તરફ પી.બી. ચૌહાણની સર્વેલન્સ સ્કવોર્ડ દ્વારા જીજે ૧૮ એ.વી. ૦૮૬૮ નંબરની ચોરીની સીએનજી રીક્ષા સાથે એક કિશોરને પકડી પાડવામાં આવ્યો હતો. આ ચોરાયેલી રીક્ષા સંદર્ભે પણ સે-૭ પોલિસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. બંને આરોપીઓ પકડી ચોરીનું એકટીવા તથા રીક્ષા રીકવર કરી પીએસઆઈ એસ.એમ. ચૌધરીએ વધુ તપાસ શરુ કરી છે.

# વીએચપી અને બજરંગદળ દ્વારા શૌર્ય રેલી યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આગામી તા.૧૪ ઓગસ્ટના રોજ અખંડ ભારત સંકલ્પ દિવસની ઉજવણીના ભાગરુપે શૌર્યરેલી નીકાળવામાં આવશે. રેલી બપોરે ૩ કલાકે પ્રેસ સર્કલ પાસેથી પ્રસ્થાન થઈને સે-૭ ભારત માતા મંદિર ખાતે પૂર્ણ થશે. તા.૧૪-૮-૧૯૪૭ ના દિવસે અખંડ ભારત હતું તેની યાદમાં નીકાળવામાં આવે છે. જયારે વીએચપી અને બજરંગદળ દ્વારા રેલીના રુટમાં આવતા કતલખાના બંધ રાખવા જણાવાયું છે. આ શૌર્ય રેલીમાં હજારો કાર્યકરો બાઈકો, વાહનો તેમજ સાઉન્ડ સિસ્ટમ સાથે જોડાશે.આ રેલીનું પ્રસ્થાન ગાંધીનગર જિલ્લા વીએચપીના પ્રમુખ અમૃતભાઈ ઠક્કર તેમજ મહાદેવ રબારી દ્વારા કરાવવામાં આવશે.

વીએચપી અને બજરંગદળ ગાંધીનગર દ્વારા આયોજીત શૌર્યરેલી ઘ-૭ પ્રેસ સર્કલ ખાતેથી બપોરે ૩ કલાકે પ્રસ્થાન થશે. ત્યાંથી આગળ વધતા રેલી મહાકાળી માતા મંદિર સે-૨૯, સેકટર-૩૦ જુની આરટીઓ કચેરી પાસેથી પસાર થઈ અક્ષરધામ સર્કલ થઈ સેકટર-૨૧ સીએનજી પંપ પાસેથી એમએલએ કવાટર, પંચદેવ મંદિર, સે-૨૨ શોપીગ સેન્ટર પાસેથી પસાર થઈને સે-૨૨-૨૩ થઈ નાથીબા કોલેજ, સે-૨૪ સાઈબાબા મંદિરથી હનુમાન મંદિર,ઈન્દીરાનગર, સે-૧૫, આઈટીઆઈ ફતેપુરા, સે-૧૪ હાઉસીંગ બોર્ડના મકાનો પાસેથી પસાર થઈને્ વગલળ વધતા સે-૧૩ મહાત્માં મંદિર સે-૫ સીએનજી પંપ સે--૬ બી પથિકા સર્કલ થઈ સે-૭ જે.એમ.ચૌધરી શાળા થઈને ભારતમાતા મંદિર સેકટર -૭ ખાતે પૂર્ણ થશે. આ શૌર્ય રેલીમાં કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહેશે.

# સે-૩ ન્યુ શિવશકિત મંદિર ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૨

જય અંબે યુવક મંડળ તથા શિવશકિત પરિવાર તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ કૃષ્ણ જન્મોત્સવ પર્વની ઉજવણી સેકટર-૩ એ ન્યું શિવશકિત મંદિરના ચોક ખાતે તા.૧૫ ઓગસ્ટને મંગળવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકથી કરવામાં આવનાર છે. જન્માષ્ટમી પ્રસંગે સેકટરના બાળકો સ્ટેજ પર્ફોમન્સ કરવાની ઈચ્છા ધરાવતા હોય તેઓએ તા.૧૩ ઓગસ્ટ સુધીમાં વહેલા તે પહેલાના ધોરણે મો. ૯૮૨૪૬૪૬૬૦૫, ૯૪૨૭૩૦૦૭૪૧ પર નામ નોંધાવી દેવાના રહેશે. જન્માષ્ટમી પર્વ નિમિતે વસાહતી ભાઈ બહેનોને ફાળો તેમજ પ્રસાદી આપવાની ઈચ્છા હોય તેઓએ જયઅંબે યુવકના સભ્યો પાસે નામ નોંધાવી દેવાના રહેશે. સ્ટેજ પ્રોગામ માટેનું ગીત-મોબાઈલ ફોન તથા ડીવીડી કેસેટ સાથે લાવવાનું રહેશે. જન્માષ્ટમીના પર્વ નિમિતે ૮.૩૦થી ૧૨ કલાક દરમયિાન ડી.જે પર ભવ્ય રાસ-ગરબા, ભગવાન શ્રી કૃષ્ણ જન્મ (હિંડોળા દર્શન) રાત્રે ૧૨ કલાકે, સ્ટેજ પ્રોગામ રાત્રે ૧૨.૩૦ થી ૧ કલાકે (બાળકો દ્વારા), મટકી ફોડ કાર્યક્રમઅને આતશબાજી ભવ્ય રાત્રે ૧ કલાકે યોજાશે. જન્માષ્ટમીના પાવન પ્રસંગે સૌ ધર્મપ્રેમી જનતાને રાત્રે વિવિધ કાર્યક્રમમાં હાજર રહેવા મંડળ અને મંદિર પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# નેશન ફર્સ્ટ ફાઉન્ડેશન સ્વતંત્રતા દિને રાષ્ટ્રધ્વજનું વિના મૂલ્યે વિતરણ કરશે

ગાંધીનગર, તા. ૧૨

સામાન્ય રીતે આપણા રાષ્ટ્રીય પર્વો માત્ર સરકારી અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી બીબાઢાળ ઉજવણી પૂરતા મર્યાદિત રહી જતા હોય છે. જો કે નેશનલ ફર્સ્ટ ફાઉન્ડેશન દ્વારા રાજ્યમાં રાષ્ટ્રભાવના પ્રબળ બનવા સાથે રાષ્ટ્રીય પર્વો પ્રત્યે જાહેર જનતાનો અભિગમ બદલાય તે અંગે પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. સંસ્થા દ્વારા આખા ગુજરાતમાં આગામી સ્વતંત્રતા દિવસે રાષ્ટ્રધ્વજ વિતરણ કરવામાં આવશે.

'રાષ્ટ્ર કે લિયે, રાષ્ટ્ર કો સમર્પિત' ભાવના સાથે નેશન ફર્સ્ટ ફાઉન્ડેશન દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાતમાં રાષ્ટ્રધ્વજનુંવિના મૂલ્યે વિતરણ કરવામાં આવનાર છે. સંસ્થા દ્વારા ૨x૧.૫ ફૂટના કાપડના રાષ્ટ્રધ્વજનું વિતરણ કરવામાં આવશે. નેશન ફર્સ્ટ ફાઉન્ડેશનના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અમિતભાઈ પંડ્યા તથા સંગઠન મંત્રી હેમરાજભાઈ રાણાએ જણાવ્યું છે કે નેશન ફર્સ્ટ ફાઉન્ડેશન રાષ્ટ્ર માટે સમર્પિત સંગઠન છે. તેમણે આ પ્રોજેક્ટમાં અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને પણ જોડાવા અનુરોધ કર્યો છે.




### એનએસએસની રાષ્ટ્રીય એકતા શિબિરનો પ્રારંભ

ચાંદખેડાની સરકારી વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ ખાતે રાષ્ટ્રીય એકતા શિબિરનો પ્રારંભ થયો છે. શિબિરાર્થીઓનું ભારતીય પરંપરા મુજબ કંકુ તિલક કરી સ્વાગત કરાયું હતું. સવારના ૬ વાગ્યાથી યોગાભ્યાસ સાથે શિબિરની શરૂઆત થઈ હતી. આઈસબ્રેકીંગ સત્રમાં શિબિરાર્થીઓએ એકબીજાના અનુભવો-શોખ વગેરે અંગે વાતચીત કરી પરિચય કેળવ્યો હતો. આ સાથે શિબિરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાંજના સમયે યોજાયેલ કલ્ચરલ ઈવનીંગમાં અંધજન મંડળ એસોસિએશનના અયાજ કુરેશી પણ જોડાયા હતાં.

# જાગૃત નાગરીક પરિષદ ગાંધીનગરની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૨

જાગૃત નાગરીક પરિષદ ગાંધીનગરની ઓગસ્ટ માસની માસિક બેઠક તા.૧૪ ઓગસ્ટને સોમવારના રોજ પ્લોટ નં- ૭૯૦ નમન એપોર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે સેકટર-૨૧ ગાંધીનગર ખાતે સાંજના ૫.૦૦ કલાકે મળશે. આ બેઠકમાં સૌ સભ્યો તેમજ જાગૃત નાગરીકોને હાજર રહેવા જણાવાયું છે.

### ગ્રામ મિત્રથી લઈ કોમ્પ્યુટર સાહસિક જેવી અનેક યોજનાઓમાં

# નોકરી છીનવી લઈ યુવાનોને રોજગારમુક્ત કરતી ભાજપ સરકાર : ડૉ. હિમાંશુ પટેલ

પ્રજાની સમસ્યાઓ ભુલી જઈને કોંગ્રેસનાં ધારાસભ્યોના ખરીદ–વેચાણમાં ઓતપ્રોત બનેલી ભાજપ સરકારે ગુજરાતનાં યુવાનોને રોજગારમુક્ત કરી દીધાં છે. ભાજપ સરકારે છેલ્લાં બે દશકામાં જાહેર કરેલી યુવા રોજગારી માટેની યોજનાઓમાં ગ્રામમિત્રો, મહેસૂલ તલાટી, કોમ્પ્યુટર સાહસિક, ઈ-વિશ્વગ્રામ, પોલીસ મિત્ર, લોકરક્ષક, ઔદ્યોગિક સુરક્ષા જવાન વગેરે ક્યાંય ભુલાઈ ગયાં હોવાનું જણાવતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે આવી યોજનાઓનાં તમામ યુવાનોને કાયમી કરી સરકારી કર્મચારીઓને મળતા તમામ હક્કો – લાભ તાત્કાલીક આપવા અનુરોધ કર્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપ સરકારે છેલ્લાં બે દશકામાં શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે ઘોર ખોદી યુવાનોનાં કારકિર્દી અને જીવન સામે પડકાર ઉભા કર્યા છે. સત્તા મેળવવા માટે અત્યાર સુધી વિદ્યાર્થીઓ અને યુવાનોને ગુમરાહ કરનાર ભાજપ સરકારે ગ્રામમિત્ર, મહેસૂલ તલાટી, વિલેજ કોમ્પ્યુટર સાહસિક, પોલીસ મિત્ર જેવી ચૂંટણીલક્ષી અનેક યોજનાઓ જાહેર કર્યા બાદ આજે આવી એકપણ યોજનાનું અસ્તિત્વ જ રાખ્યું નથી. માત્ર રાજકીય દૃષ્ટિકોણ અને કિન્નાખોરી રાખી આ યોજનાઓમાં નિમણૂકો આપ્યાં બાદ એકપણ યુવાનને પગાર, લઘુત્તમ વેતન કે કમીશન પણ નહીં આપીને ગુનાહીત છેતરપીંડી કરી છે. ભાજપ સરકારની ગ્લોબલ યોજનાઓ ઉપરાંત વાયબ્રન્ટમાં કરોડોનાં આંધણ પછી પણ ૮૦ ટકા સ્થાનિક રોજગારી નહીં અપાવી શકનાર ભાજપ સરકારે યુવાનોનાં સપનાં ચકનાચૂર કરી નાંખ્યા છે. માત્રને માત્ર મોટી મોટી જાહેરાતો કરી, કરોડો રૂપિયા જાહેરાતો પાછળ વેડફી નાંખનારી ભાજપ સરકાર ખરેખર યુવાનોના હિત અને અધિકાર માટે ક્યારે કામ કરશે?

**ટચૂકડી જાહેર ખબર**

**વેચવાનું છે**

ત્રણ માળનું મકાન
મહાત્મા મંદિર જોડે,
સેક્ટર-૧૪, ગાંધીનગર
Mo. 98980 83426

**વેચવાનો છે બંગલો**

૧૩૮૧ ચો.ફુટ પ્લોટ, ૨૧૫૦ ચો.ફુટ બાંધકામ, પ્લોટ નં.૩૦, સૂર્યા સ્ટ્રીટ, દિવ્ય સંસ્કાર સીટી, સરગાસણ ચોકડી, ખ-૦, મહાત્મા મંદિર રોડ, ગાંધીનગર
મો. ૯૯૨૫૨ ૧૨૫૪૨

